ગાંધીનગરથી દર ગુરૂવારે પ્રકાશિત થતું સાપ્તાહિક
Agnipath (Weekly) Gandhinagar
Permitted by SSP GNR to Post at GNR Stg
Every Thursday Under Regd. No. : G GNR - 214 / 2012-14

॥ कृण्वन्तो विश्वमार्यम् ॥

# અગ્નિપથ

ओ३म्
अस्माकं वीरा उत्तरे भवन्तु

વર્ષ : ૧૫ અંક : ૧૩ તંત્રી : અરવિંદ કે. રાણા ● તારીખ : ૨૭-૦૩-૨૦૧૪, ગુરૂવાર R.N.I. No. GUJGUJ/2000/1951 ● કિંમત : રૂા. ૪.૦૦ ● પાના : ૪

## શ્રી હસમુખભાઈ પરમારને 'ટંકારા રત્ન'થી અલંકૃત કરાયા



ગત મહા શિવરાત્રી દરમ્યાન શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી ટ્રસ્ટ, ટંકારા દ્વારા આર્યસમાજ ટ્રસ્ટ માટે વિશિષ્ટ સેવા બદલ શ્રી હસમુખભાઈ પરમારને 'ટંકારા રત્ન' થી અલંકૃત કરવામાં આવ્યા હતા. આ સન્માન શ્રી પૂનમ સૂરીજી (પ્રધાન, ડી.એ.વી. કોલેજ મેનેજિંગ કમિટી અને મહાત્મા આનંદ સ્વામીના પૌત્રના હસ્તે કરવામાં આવ્યું હતું.

શ્રી હસમુખભાઈ આર્યસમાજ ક્ષેત્રમાં ઉત્કૃષ્ઠ સેવાઓ આપી રહ્યા છે તેઓ અત્રે ટંકારા ટ્રસ્ટી, ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના મહામંત્રી, ગુજરાત આર્ય વીર દલના સંચાલક, આર્યસમાજ, ટંકારાના મંત્રી, 'આર્ય વૈદિક દર્શન' માસિક મુખપત્રકના સંપાદક જેવા વિવિધ હોદ્દાઓ પર સેવાઓ આપી રહ્યા છે. આ ઉપરાંત શ્રી એમ.પી. દોશી વિદ્યાલય, ટંકારાના આચાર્ય પણ રહી ચૂક્યા છે.


### આર્યસમાજ, અમદાવાદ દ્વારા વૈદિક સંસ્થાન, ઓઢવના સહયોગથી અમદાવાદ ખાતે

## 'ગૃહસ્થ જીવન સુખી કેવી રીતે બનાવવું' તે વિષય પર સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીનું વ્યાખ્યાન યોજાયું

આર્યસમાજ, અમદાવાદ દ્વા ગત તા. ૨૩મી માર્ચના રોજ વૈદિક સંસ્થાન, ઓઢવના વ્યવસ્થાપનમાં સ્વામી વિવેકાનંદ પરિવ્રાજકજીનું 'ગૃહસ્થ જીવનને સુખી કેવી રીતે બનાવવું' તે વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. શહીદવીર મંગલપાંડે ઓડિટોરિયમ, ઓઢવ, ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

સવારના ૮:૩૦ થી ૧૧:૦૦ સુધીના પહેલા સત્રમાં સ્વામીજીએ ગૃહસ્થ જીવનને સુખી બનાવવા માટેના અનેક વિધ ઉપાયો ઉદાહરણ સાથે સમજાવ્યા હતા. ૧૧:૩૦ થી શરૂ થયેલા બીજા સત્રમાં સ્વામી વિવેકાનંદજી દ્વારા ઉપસ્થિત લોકોની શંકાઓનું સમાધાન કરવામાં આવ્યું હતું.

શંકા-સમાધાનના આ કાર્યક્રમમાં અનેક પ્રકારની શંકાઓ લોકો દ્વારા રજુ કરવામાં આવી હતી. સ્વામીજીએ ગૃહસ્થ જીવનમાં કોણે પ્રવેશ કરવો જોઈએ તથા લગ્ન માટેની ઓછામાં ઓછી યોગ્યતા શું હોવી જોઈએ તથા લગ્ન કરવા ફરજીયાત છે કે કેમ તે બાબતો વિગતવાર સમજાવી હતી. આ





ઉપરાંત તેમણે લગ્ન પહેલા મેળવવામાં આવતી જન્મકુંડળી વિશે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જન્મકુંડળી મેળવવાને બદલે બંને લગ્નોત્સુક યુવક-યુવતીઓના ગુણ કર્મ અને સ્વાભાવને મેળવવા જોઈએ આમ કરવાથી જ લગ્નજીવન સુખી થાય છે. તેમણે ગૃહસ્થ જીવનની જવાબદારી પૂર્ણ કર્યા પછી વાનપ્રસ્થ આશ્રમમાં જવાની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી લાલચંદજી આર્યએ કર્યું હતું.

## સ્વામી રામદેવે પૂ. સ્વામી સત્યપતિજીના આશીર્વાદ મેળવ્યા



રોજડ

તાજેતરમાં જ સ્વામી રામદેવે વાનપ્રસ્થ સાધક આશ્રમ રોજડની મુલાકાત લીધી હતી. સ્વામી રામદેવ અવાર-નવાર પૂ. સ્વામી સત્યપતિજીની મૂલાકાતે અને તેમના આશીર્વાદ લેવા આવે છે.

સાંજના ભોજન બાદ સ્વામી રામદેવે પૂ. સ્વામી સત્યપતિજીની મૂલાકાત લઈ પ્રેરણા અને આશીર્વાદ લીધા હતા.

પૂ. સ્વામી સત્યપતિજી સાથેની મુલાકાત બાદ સ્વામી રામદેવજીને આચાર્ય સત્યજીતજી દ્વારા વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ ખાતે ચાલી રહેલા વિવિધ કાર્યોની માહિતી આપવામાં આવી હતી.

સ્વામી મુક્તાનંદજી પરિવ્રાજકના આચાર્યત્વમાં સંસ્કૃત ભાષા વ્યાકરણ અને આચાર્ય સત્યજીતજીના સાનિધ્યમાં દર્શન શાસ્ત્રનો અભ્યાસ કરી રહેલા બ્રહ્મચારીઓ તથા વાનપ્રસ્થિઓ તથા આગન્તુક મહેમાનોને સ્વામી રામદેવજીએ ૩૦ મિનીટ સુધી પ્રેરણાદાયી પ્રવચન આપ્યું હતું.

### આર્યસમાજ, પોરબંદર દ્વારા

## આર્યસમાજના ૧૪૦માં સ્થાપના દિવસ સમારોહ નિમિત્તે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન

પોરબંદર

માનવમાત્રના સર્વાંગિક ઉત્થાનની પવિત્ર ભાવનાથી યુગપ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ ૭મી એપ્રિલ, ૧૯૭૫ ચૈત્ર સુદ ૧ પ્રતિપદા વિ.સં. ૧૯૩૧ના રોજ મુંબઈમાં આર્ય સમાજ જેવી મહાન સંસ્થાની સ્થાપના કરી હતી. પાછલા ૧૩૯ વર્ષમાં આર્ય સમાજે સામાજિક, રાષ્ટ્રીય ચેતના તથા આધ્યાત્મિક ચેતના જગાવવાનું ભગીરથ કાર્ય કરેલ છે. જેનાથી પ્રત્યેક બુદ્ધિશાળી વ્યક્તિ પરિચિત છે.

આર્ય સમાજના સ્થાપના દિન નિમિત્તે આગામી તા. ૩૧મી માર્ચ ૨૦૧૪ના રોજ સવારે ૯ :૦૦ થી ૧૨:૩૦ તથા બપોરે ૪ : ૦૦ થી ૬ : ૦૦ દરમ્યાન અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

સવારે પ્રભાતફેરી પછી ડૉ. શિવકુમાર શાસ્ત્રી તથા પૂરોહિત કૃષ્ણકાંત શાસ્ત્રી દ્વારા બૃહદ યજ્ઞ અને આચાર્ય અજયજી આર્ય દર્શનાચાર્ય, સોનીપતનું પ્રવચન રાખવામાં આવ્યું છે. સાંજે પણ શ્રી અજયજીના પ્રવચનનો કાર્યક્રમ રાખેલ છે.

## શહીદ દિન નિમિત્તે આર્યવીર દળ ટંકારા દ્વારા મશાલ યાત્રાનું આયોજન



**'जो शहीद हुए है उनकी जरा याद करो कुरबानी'**

ગત તા. ૨૩ માર્ચના શહીદ દિનના ઉપલક્ષમાં આર્યવીર દળ, ટંકારા દ્વારા સમગ્ર ટંકારા ગામમાં શહીદોના નામના નારા તથા દેશભક્તિના ગીતો સાથે મશાલ સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ સરઘસમાં ટંકારા ગામના તમામ યુવાનોએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર ખાતે હોળી નિમિત્તે મંગલ-મિલન સમારોહ યોજાયો

સંત ઓધવરામ વૈદિક ગુરુકુળ, ભવાનીપુર ખાતે હોળી પર્વના શુભ અવસર પર હોળી મંગળ-મિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસર પર સ્વામી શાંતાનંદજીની અધ્યક્ષતામાં સવારના સત્રમાં ગુરુકુળની પવિત્ર યજ્ઞ શાળામાં ધ્યાન અને યજ્ઞનો કાર્યક્રમ સંપન્ન થયો હતો. બ્ર. વૈકુંઠજીએ આગંતુક મહાનુભાવોને ધ્યાન કરાવ્યું હતું તથા હોળીના પર્વની વિશિષ્ટ આહૂતિઓં સહિત સંજીવની સુક્ત અને સરસ્વતી સૂક્તના અનેક મંત્રોની આહૂતિ અપાવી હતી. યજ્ઞ બાદ આચાર્ય વિરેન્દ્રજીના પ્રતિનિધિત્વમાં મહિલાઓ અને પુરુષોની અનેક અલગ અલગ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મ્યુઝીક ખુરશી, તવા ફેંક, ગોળા ફેંક, રસ્સી ખેંચ વગેરે અનેક મનોરંજનથી ભરપૂર રમતોનો તમામે આનંદ ઉઠાવ્યો હતો. આ ઉપરાંત ગુરુકુળ, ભવાનીપુર તથા ગુરુકુળ, ભુજોડીના નાના વિદ્યાર્થીઓ દ્વારા રીલે રેસ, કબ્બડી, આંગળી ઉપર થાળી ફેરવવી, લોખંડના ડ્રમ ઉપર ચાલવું વગેરે રમતો રમવામાં આવી હતી. આ પછી શ્રી કાંતિભાઈ પટેલ દ્વારા સાઈકલ ઉપર રોમાંચક કરતવો બતાવવામાં આવ્યા હતા.

કાર્યક્રમના મધ્યાંતર સત્રમાં આગંતુકો દ્વારા ભજન, ભાષણ, અને પોતાની વેદપ્રચની ગતિવિધીઓની માહિતી આપવામાં આવી હતી તથા આગામી યોજનાઓની વિગતો પણ આપવામાં આવી હતી. સૌપ્રથમ બહેનો દ્વારા કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો ત્યાર બાદ પુરુષો દ્વારા પણ કાર્યક્રમ બતાવવામાં આવ્યો હતો. ત્યાર બાદ સ્વામી શાંતાનંદજી દ્વારા ગૃહસ્થમાં રહીને ઈશ્વર તરફ કેવી રીતે આગળ વધવું, ઈશ્વર પ્રત્યેની રૂચી કેમ વધારવી, ઘરમાં સુખ-શાંતીથી કેવી રીતે રહેવું જેવા અનેક વિષયો પર પ્રવચન આપવામાં આવ્યું હતું. સ્વામી શાંતાનંદજીએ તમામ ઉપસ્થિત મહાનુભાવોને સવારે અને સાંજે જ્યારે પણ સમય મળે ત્યારે ઓછામાં ઓછી દસ મિનીટ મસાટે ધ્યાન કરવાનો અનુરોધ કર્યો હતો.

ભુજોડીથી ખાસ પધારેલા આચાર્ય વિરેન્દ્રજીએ પોતાના વ્યાખ્યાનમાં હોળીનું મહત્વ અને તેને વાસ્તવિક રીતે કેવી રીતે મનાવવી જોઈએ એ સંબંધમાં ઉપયોગી વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમના અંતિમ ચરણમાં ગુરુકુળના બ્રહ્મચારીઓ દ્વારા સંસ્કૃતમાં ભજન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. અંતમાં વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, અને દ્વિતિય સ્થાન પ્રાપ્ત કરનારને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

તવા ફેંક પ્રતિયોગિતામાં પ્રથમ સ્થા શ્રી ગોપાલભાઈ કેસરાણી (નખત્રાણા) અને કાંતિભાઈ પટેલ (ભૂજ)ને દ્વિતિય પુરસ્કાર આપવામાં આવ્યો હતો. ગોળા ફેંકમાં પ્રાથમિક શાળા, ભવાનીપુરના આચાર્ય શ્રી રઘુભાઈએ પ્રથમ સ્થાન તથા શ્રી હિતેશભાઈ કેસરાણી (સુખપર)ને દ્વિતિય સ્થાન પ્રાપ્ત થયું હતું. મ્યુઝિક ખુરશીની રમતમાં શ્રી કાંતિભાઈ પટેલ



(ભૂજ) પ્રથમ સ્થાને તથા શ્રી ચંદુભાઈ (લુડવા) દ્વિતિય સ્થાને રહ્યા હતા. આ પ્રસંગે લંડનથી પધારેલા શ્રી નાગજી બાપા તથા શ્રી શામજીભાઈએ ખાસ ઉપસ્થિત રહી પ્રતિયોગિતાને ઉત્સાહવર્ધક બનાવી દીધી હતી.

આ કાર્યક્રમમાં બહેનોની વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી તેમાં તવા ફેંક માં પ્રેમિલામાતા (નખત્રાણા)એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું જ્યારે દ્વિતિય સ્થાને હંસાબેન વિનોદભાઈ કેસરાણી (નખત્રાણા) રહ્યા હતા. ગોળા ફેંકમાં શ્રીમતી મણીબેન કાંતિભાઈ પટેલ (ભૂજ) પ્રથમ સ્થાને તથા મંજુલાબેન હિતેન્દ્રભાઈ કેસરાણીએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. મ્યુઝિક ખુરશીની રમતમાં પ્રથમ સ્થાન મંજુલાબેન હિતેન્દ્રભાઈ કેસરાણી તથા દ્વિતિય સ્થાને શ્રીમતી મણીબેન કાંતિભાઈ પટેલ (ભૂજ) રહ્યા હતા. ભાષણની પ્રતિયોગિતામાં શ્રીમતી સોનલબેન ઈશ્વરભાઈ પટેલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

આર્યસમાજ, નખત્રાણાના મંત્રી શ્રી ઈશ્વરભાઈ પટેલે આ કાર્યક્રમને આવતા વર્ષે વધુ વિસ્તૃતરૂપમાં ઉજવવા માટે અનુરોધ કર્યો હતો. અંતે ગુરુકુળ તરફથી શ્રી ખીમજીભાઈએ સૌનો આભાર માન્યો હતો.





અગ્નિપથ(સાપ્તાહિક)

**યદા ભાવેન ભવતિ સર્વભાવેષુ નિઃસ્પૃહઃ ।**
**તદા સુખમવાપ્રોતિ પ્રેત્ય ચેહ ચ શાશ્વતમ્ ॥**

मनुस्मृति ८०(५२)

જ્યારે સંન્યાસી સર્વ પદાર્થોમાં નિઃસ્પૃહ ભાવ પામે છે, ત્યારે આ લોકોમાં = આ જન્મમાં અને મૃત્યુ પછીના પરલોકમાં અને મુક્તિમાં પરમાત્માને પામીને નિરંતર સુખને પામે છે.

## તંત્રી સ્થાનેથી....

# ૨૭૨ +

ભારતમાં છેલ્લા ૧૦ વર્ષથી કોંગ્રેસ અને તેના ગઠબંધન યુપીએનું શાસન ચાલી રહ્યું છે. છેલ્લા ૧૦ વર્ષના તેમના શાસન દરમ્યાન આપણા દેશમાં આઝાદી બાદ ક્યારેય ન થયો હોય તેવો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. હજારો કરોડના ભ્રષ્ટાચારને તો આ સરકારમાં ભ્રષ્ટાચાર ગણવામાં જ આવતો ન હતો. એક લાખ કરોડ ઉપરના ભ્રષ્ટાચાર કરવામાં આ યુપીએની સરકારે જરા પણ પાછી પાની કરી નથી. એક નહીં પણ અનેક આવા એક લાખ કરોડ ઉપરના ભ્રષ્ટચાર તેમના શાસન દરમ્યાન બહાર આવ્યા છે. કોમનવેલ્થમા ભ્રષ્ટાચાર, ટુજી માં ભ્રષ્ટાચાર, સૈન્ય સાધન સામગ્રી ખરીદવામાં ભ્રષ્ટાચાર, કોલસામાં ભ્રષ્ટાચાર આવા તો અનેક કૌભાંડો યુપીએની સરકાર દ્વારા આચરવામાં આવ્યા છે. દેશની જનતા આ બધું ચૂપચાપ સહન કરી રહી હતી. કારણ કે આપણાં દેશની લોકશાહીમાં લોકોની સીધી ભાગીદારી નથી. તેમના દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓ દ્વારા તેમનો અવાજ સંસદમાં પહોંચે છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને આગામી ચૂંટણીમાં વડાપ્રધાન પદના ઉમેદવાર ઘોષિત કરી દેવામાં આવ્યા છે. ચૂંટણીની તારીખો જાહેર થઈ ગયા પછી ઉમેદવારોની પસંદગીમાં ભાજપના વરિષ્ઠ નેતા લાલકૃષ્ણ અડવાણી, જશવંતસિંહ, હરિન પાઠક જેવા નેતાઓએ પોતાની સાથે અન્યાયપૂર્ણ વ્યવહાર થયો હોય તેવી લાગણી જાહેરમાં વ્યક્ત કરી રહ્યા છે. આનાથી ભારતીય જનતા પાર્ટીને જ નુકશાન થશે તે વાત તેઓ સારી રીતે જાણતાં હોવા છતાં પોતાના અંગત સ્વાર્થને પોષવા માટે આ પ્રકારનું વર્તન કરી રહ્યા છે. જો કે આનાથી બહું મોટો ફેર પડે તેમ લાગતું નથી. કારણ કે અડવાણી અને જશવંતસિંહ બંનેની નિવૃત્તિની ઉંમર છે. ભારતીય જનતા પાર્ટીનું સૂકાન હવે બીજી પેઢીના હાથમાં છે.

ભારતીય જનતા પાર્ટી દ્વારા આ વખતે ૨૭૨ + નું સૂત્ર આપવામાં આવ્યું છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર શ્રી નરેન્દ્રભાઈ મોદી આ માટે ખૂબ જ પુરુષાર્થ કરી રહ્યા છે. દેશભરમાં અનેક રેલીઓને તેમણે અત્યાર સુધી સંબોધી છે અને આવનાર દિવસોમાં પણ તેઓ લગભગ ૧૮૫ જેટલી રેલીઓને સંબોધન કરશે અને ગુજરાતના વિકાસના મોડેલની સિદ્ધિઓ દેશ સમક્ષ મૂકશે. યુપીએના ભ્રષ્ટાચારના મુદ્દાને પણ તેઓ વારંવાર દેશ સમક્ષ મૂકી રહ્યા છે. તેમની જ પાર્ટીમાં ઉભો થયેલા નાના-મોટા વિવાદોને કારણે ૨૭૨ + નું તેમનું ટાર્ગેટ પૂર્ણ કરવાનું કાર્ય મુશ્કેલ બનતું જાય છે. તેમના સાથી પક્ષ શીવસેના દ્વારા પણ વાક્યુદ્ધ છેડવામાં આવ્યું છે. આમ અકંદરે આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ સિવાયના પક્ષો પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર ન બને તેના માટે તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે. જો કે ભાજપની સરકાર કેન્દ્રમાં બનશે કે કેમ એ તો આપણને ૧૬મી મેના રોજ જ ખબર પડશે પણ એટલું નક્કી છે કે આ વખતી ચૂંટણી એ ભારે રસાકસી ભરી બની રહેશે.


**અગ્નિપથ**

अस्माकं वीरा उत्तरे भवन्तु

- ⇨ સાંપ્રત ઘટનાઓનું આદર્શ દષ્ટિકોણથી વિવેચન.
- ⇨ વૈદિક સાહિત્યના ગહન સિદ્ધાંતોનું સરળ પ્રસ્તુતિકરણ.
- ⇨ વેદ-દર્શન-ઉપનિષદ જેવા આધ્યાત્મિક ગ્રન્થોમાં નિહિત જ્ઞાનની સરળ પ્રસ્તુતિ.
- ⇨ બાળકો માટે ઉપદેશ કથા.
- ⇨ સ્વાસ્થ્ય સંબંધિત જાણકારી.
- ⇨ વૈદિક વિદ્વાનોના ચિંતનાત્મક લેખો.
- ⇨ ગુજરાતના આર્યસમાજોના કાર્યક્રમોના સમાચારો.
- ⇨ રાષ્ટ્રિય અને સાંસ્કૃતિક ગૌરવના ભાવ ભરતું એકમાત્ર ક્રાંતિકારી સાપ્તાહિક.

**વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-**
**આજીવન લવાજમ રૂા. ૨૦૦૦/-**



: કાર્યાલય :
૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧,
ગાંધીનગર-૩૮૨૦૨૪. ફોન - (૦૭૯) ૨૩૨૧૦૦૭૧
E-mail : agnipathgnr@gmail.com



અગ્નિપથ કાર્યાલયને પત્ર અથવા ઈ-મેલથી જાણ કરી આપ લવાજમ બેંકમાં જમા કરાવી શકો છો.
AGNIPATH A/c No. 24640200000387
Bank of Baroda, Vidhansabha Branch, Gandhinagar.


# ત્યાગ, બલિદાન અને સમર્પણની હજુ પણ ઘણી જરૂર છે, જો કે તે ભિન્ન પ્રકારની છે

## माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।

(अथर्व.१२/१/१२)

ઋષિ દયાનંદના જીવનથી અને વેદના ઉપદેશ અનુસાર જે દેશભક્તિના ગુણનો ઉલ્લેખ કરવા ઈચ્છું છું તે એવો છે જેની આ દેશમાં વિશેષ ઉણપ છે. આપણામાં દેશભક્તિની ઉણપ શા માટે છે ? આનું કારણ એ જ સમજમાં આવે છે કે આપણે આપણા હૃદયને ફેલાવ્યું નથી, આપણી દૃષ્ટિને વિસ્તૃત કરી નથી. હું ઈચ્છું છું કે પ્રત્યેક ભારતવાસી આપણા દેશને પોતાના વિશાળ ઘર સમાન જુએ અને પોતાની 'વેદોક્ત ભારતમાતા' નું દર્શન કરે. જો હું તમને તમારુ ઘર પૂછું તો કદાચ તમે તમારા નાના ઘર તરફ ઈશારો કરશો અને પોતાના બે-ચાર ભાઈ-બહેનોની જનનીને માતા તરીકે ઓળખાવશો. પરંતુ આપણે આનાથી પણ ઉપર ઉઠવાનું છે અને આપણે આપણા ભારત દેશને - વિશાળ ઘરને વંદનીય માતાના રુપમાં જોવાનું છે. આના માટે આપણે આપણા હૃદયને વિસ્તૃત કરવું પડશે, દિલને ખોલવું પડશે. જો તમે આ અસલી માતાને જોવા ઈચ્છતા હો તો આમ જ કરવું પડશે. આપણે આપણા વિસ્તૃત ઘરને જોતાં તે કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કચ્છથી કામરાન સુધી ફેલાયેલું જણાશે, જેમાં પંજાબ, ઉત્તર પ્રદેશ, બંગાળ, મદ્રાસ આદિ પ્રાન્તો સમાવિષ્ટ છે જેમ આપણા ઘરમાં કેટલાક ઓરડા હોય છે. આ ઘરમાં બે ચાર નહીં, કરોડો ભાઈ-બહેન રહે છે. શું હવે તમે તમારી માતાને જોઈ ? શું તમે કરોડોની વસતિમાં હિંદુ, મુસલમાન, શિખ, ઈસાઈ આદિ ભાઈ-બહેનોની જનની પોતાની વૃદ્ધ આદિ માતાને ઓળખી ? હા, આ એ જ માતા છે જેની સેવા માટે જરુર પડયે આપણે આપણા બે ચાર ભાઈ-બહેનોની માતાને ત્યાગવી પડશે, પોતાના ક્ષુદ્ર ઘરનું બલિદાન આપવું પડશે. આ એ જ માતા છે જેને આપણે હજુ સુધી ઓળખી નથી, તેની સેવામાં તત્પર થયા નથી, પરિણામતઃ આપણે અગણિત દુઃખ અને વિપત્તિ ઉઠાવી રહ્યાં છીએ અને દુનિયામાં આપણું મસ્તક ઉંચુ રાખી શકતા નથી. આ એ જ માતા જે સેવા કરવાયોગ્ય અને વંદનીય છે અને જેની સેવા-સૂશ્રુષા કરવાથી આપણો ઉદ્ધાર થઈ શકે છે. 'वन्दे मातरम्' ની પવિત્ર ધ્વનિ ઉઠાવી દેશભક્તજનો આ જ માતાને નમસ્કાર કરે છે. આવો વૈદિકધર્મી બંધુગણ ! આપણે આ માતા સામે મસ્તક ઝુકાવીએ અને વેદના શબ્દોમાં અનુભવ કરીએ -

**माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।**

'આ માતૃભૂમિ મારી માતા છે અને હું આ વિસ્તૃત પૃથ્વીનો પુત્ર છું'

આ અથર્વવેદનું પ્રસિદ્ધ પૃથ્વી-સૂક્તનું પ્રસિદ્ધ વાક્ય છે. આ સૂક્તમાં માતૃભૂમિ વિષયક વિશાળ જ્ઞાન ભર્યું પડ્યું છે. મંત્રના વાક્યાંશમાં કહેવામાં આવ્યું છે કે ભૂમિ અમારી માતા છે અમે તેના પુત્રો છીએ. પ્રત્યેક ભારતવાસીને આપણા ભાઈ સમજીએ. જેમ પોતાના માતા-પિતા, ગુરુ, પરમામા આદિ પ્રત્યે આપણું કર્તવ્ય હોય છે તેમ દેશ-માતા પ્રત્યે પણ આપણાં કંઈક આવશ્યક કર્તવ્યો હોય છે તેમ સમજીને તેની સેવા માટે સર્વકંઈ અર્પણ કરવા તત્પર થઈએ.

માતૃસેવાના કાર્યમાં સૌથી વધુ કર્તવ્ય આર્યસમાજનું છે કારણ કે આજથી ઘણા વર્ષો પૂર્વે એક મહાન ઋષિએ આપણી આ માતાની દુ:ખાવસ્થાને જોઈ હતી અને ફળસ્વરુપ

**વેદવાણી**
**-આચાર્ય અભયદેવ**

આર્યસમાજને જન્મ આપ્યો હતો. તે સમયે જયારે આખો દેશ ગુલામીની જંજીરોમાં જકડાઈ ચૂકયો હતો તે સમયે પણ તેઓ પોતાના ગરિમાપૂર્ણ ચક્રવર્તી રાજયને યાદ કરતાં હતાં. તેમણે તત્સમયે સાક્ષાત્ જોયું કે આ ભારતમાતાના ફકત હાથ જ બંધાયેલા નથી, તેના મોંમાં પણ કપડાનો ડૂચો મારેલો છે અને તેની છાતી ઉપર શત્રુ પગ રાખી ઉભો છે. આ દેશ વિદેશીઓથી પાદાક્રાંત થઈ રહ્યો છે. આ ઋષિએ આપણી માતૃભૂમિને બંધનમુક્ત કરવાના મૌલિક ઉપાયસર આ સંસ્થાની સ્થાપના કરી હતી, એવું આજે સ્પષ્ટ સમજાઈ રહ્યું છે. તેમનો ઉદ્દેશ્ય કેવળ માતાને ગુલામીના બંધનથી મુક્ત કરી સ્વતંત્ર કરવાનો જ ન હતો, પરંતુ સારાય વિશ્વમાં તેની પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત કરવાનો તેમજ ઋષિ-મુનિઓથી સંચિત જે વૈદિક ધર્મનો દિવ્ય ખજાનો હતો તે વિશ્વને અર્પી શાંતિ ફેલાવવાનો હતો.

પરમેશ્વરની કૃપાથી તથા ભારત સંસ્કૃતિના ઉદ્ધારક ઋષિ દયાનંદના અથાગ પુરુષાર્થથી તેમજ વૈદિક ગર્જનાને અનુસરનાર ભારત માતાના સુપુત્ર દાદાભાઈ, શ્યામજી કૃષ્ણ વર્મા, ટિળક, ગોખેલ, દાસ, મોતીલાલ, લાલા લાજપરાય, સરદાર પટેલ, ભગતસિંહ, વીર સાવરકર આદિ નેતાઓ અને અગણિત અન્ય રાષ્ટ્ર-સેવકોના બલિદાનોથી આજે આપણી માતા બંધનમુક્ત તો થઈ ગઈ છે, પરંતુ હવે તો આપણું કાર્ય, આપણું ઉત્તરદાયિત્વ ખૂબ વધી ગયું છે. આ સમયે માતાની સેવાની ખૂબ આવશ્યકતા છે. ત્યાગ, બલિદાન અને સમર્પણની હજુ પણ ઘણી જરુર છે, જો કે તે ભિન્ન પ્રકારની છે. આપણામાં આપણી દેશમાતા માટે પૂરી જાગૃતિ જ નથી. કેટલાય નાના નાના દેશોના નિવાસી પોતાની દેશમાતાને જાણે છે એટલે કેટલીક ત્રુટિઓ હોવા છતાં પણ તેઓ સુખી છે, સમર્થ છે, દેશ પર આવતી મુશ્કેલીઓનો સામનો સારી રીતે કરી જાણે છે. પરંતુ આપણો દેશ આટલો મહાન હોવા છતાં પણ દુર્બળ છે. આર્યસમાજનું, વેદના સંદેશવાહક આર્યસમાજનું કર્તવ્ય છે કે તેઓ ભારતમાં સ્વદેશ પ્રેમની જાગૃતિ ઉત્પન્ન કરે જેના કારણે પ્રત્યેક દેશવાસી પોતાને ભારતમાતાનો પુત્ર અનુભવ કરવા લાગે. આમ થયે જ દેશનું કલ્યાણ સંભવી શકશે.

જયારે આપણે ભારતને માતા કહીએ છીએ તો તે કેવળ કોરી કલ્પના નથી. વેદે જયારે પૃથ્વીને માતા કહી છે તો કેવળ અલંકારિક વર્ણન માટે નથી. ખરેખર ભારત આપણી માતા છે. ભારતમાતાના સુપુત્ર યોગિરાજ શ્રી અરવિંદ- જેઓએ પોતાના રાજનૈતિક જીવનકાળમાં સૌથી પહેલા ભારતના નવયુવકોમાં દેશ પ્રત્યે માતૃભાવ જગાડ્યો હતો, તેઓ કહે છે કે માતૃભાવ જ ભારતનો આત્મા છે જેમ પ્રત્યેક વૈયક્તિક પુરુષની આત્મા હોય છે. ભારતની એ જ આત્મા જે અતિપ્રાચીનકાળથી, ઋષિ-મુનિઓના આદિકાળથી, આ દેશની સર્વવિધ ઉન્નતિનું અધિષ્ઠાતૃત્વ કરતી રહી છે. દેશના વિવિધ પ્રકારના ભાગ્ય-વિધાતાઓ તેની જ પ્રેરણાનો સમય-સમય પર અનુભવ કરતા રહ્યાં છે અને આજે પણ કરતા રહે છે, તે પ્રત્યે આપણે જાગૃત થવાનું છે. ત્યારે જ આપણે વેદના શબ્દોમાં સાચા અર્થમાં કહી શકીએ - **माता भूमिः पुत्रोऽहं पृथिव्याः ।**

આવો, અંતમાં આપણે તે માતાને પ્રાર્થના કરીએ - 'હે માતઃ! અમને મહાન બનાવ, મહત્પ્રયાસી બનાવ, ઉદારચેતા બનાવ, સત્યસંકલ્પી બનાવ. એવું કર જેથી અમે કદી અલ્પાભીપ્સુ, નિશ્ચેષ્ટ, આળસુ તથા ભયભીત ન રહીએ. અમે બળવાન, પરાક્રમી, વિજયી બન્યા રહીએ. સારાય વિશ્વમાં એકતાથી, પ્રેમથી, સત્યશક્તિથી, શિલ્પકળાથી, સાહિત્યથી, જ્ઞાનબળથી શ્રેષ્ઠ બની નિવાસ કરીએ. આજ માતૃચરણોમાં પ્રાર્થના છે.'

(સંપૂર્ણ)

# વીરતા અને સાહસની મૂર્તિ : વીર ભગતસિંહ

આજે આપણે જે માતૃભૂમિ ઉપર પ્રાણવાયુ ગ્રહણ કરી રહ્યાં છીએ એ માતૃભૂમિને સ્વતંત્ર કરાવવા માટે આપણા દેશના અનેક મહાન દેશભક્ત ક્રાન્તિકારી વીરોએ પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. યુવાનીમાં ખાઈ-પીને મજા કરવાને બદલે અભ્યાસની સાથે સાથે આ દેશને પરાધિનતાની ઝંઝીરોમાંથી મુક્ત કરાવવાનું અતિ કઠિન કાર્ય દેશનાં અનેક ક્રાન્તિકારી યુવકોએ ઉપાડી લીધું હતું. આ મહાન ત્યાગી અને પરમ દેશભક્ત ક્રાન્તિકારીઓમાં વીર ભગતસિંહનું નામ પણ ભારતના સ્વાતંત્ર્યનાં ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોએ અંકિત થયેલ છે.

વીર ભગતસિંહને જન્મની સાથે જ દેશભક્તિનો પાઠ ભણાવવામાં આવ્યો હતો. મોરના ઈંડા ચિતરવા ન પડે તે ઉક્તિને ચિરતાર્થ કરતી ઘટના ભગતસિંહનાં જીવનમાં જોવા મળે છે. તેમનાં પિતા શ્રી કિશનસિંહ અને માતા વિદ્યાવતી બંનેનાં હૃદયમાં ક્રાન્તિની જ્વાળાઓ વિદ્યમાન હતી. આ ઉપરાંત તેમના બંને કાકાઓ શ્રી અજીતસિંહ અને શ્રી સ્વર્ણસિંહ પણ પ્રખર ક્રાન્તિકારી હતા. ભગતસિંહ બાળપણથી જ નિડર અને ઉત્સાહી હતા. તેમનો સ્વભાવ અને ક્રિયાકલાપો નાનપણથી જ એ વાતનો નિર્દેશ કરતા હતાં કે ભવિષ્યમાં તે એક અસાધારણ વ્યક્તિ બનશે. તેમનાં મસ્તિષ્કમાં દેશભક્તિના સંસ્કારો અને વિચારો ભરવામાં તેમના દાદા અર્જુનસિંહનો ફાળો મુખ્ય હતો. ભગતસિંહના દાદા વૈદિક વિચારોના રંગે રંગાયેલા હતા. મહર્ષિ દયાનંદ દ્વારા સ્થાપિત આર્ય સમાજની વિચારધારાને વરેલા હોવાથી તેમના પરિવારમાં દૈનિક સંધ્યા, હવન, વેદપાઠ જેવા ધાર્મિક કાર્યો પણ નિયમિતપણે થતા હતા. તેમાં ભગતસિંહ પણ ભાગ લેતા હતા. ભગતસિંહે નવમા ધોરણ સુધી અભ્યાસ કર્યા બાદ આર્ય સમાજની વિચારધારાનો, વૈદિક વિચારધારાનો ફેલાવો કરી ભારતીય શિક્ષા પ્રણાલીનો પ્રચાર-પ્રસાર કરતી ડી.એ.વી.ના શિક્ષણ સંસ્થાનમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં જ અભ્યાસ કરતાં કરતાં ભગતસિંહે પોતાના મિત્રોની એક ટોળી બનાવી વિદેશી વસ્ત્રોની હોળી કરી એક નવીન ક્રાન્તિની જ્વાળા પ્રગટાવી. ત્યાર બાદ તો ભગતસિંહે ભારતને વિદેશી શાસનમાંથી મુક્ત કરાવવાનું એક માત્ર લક્ષ બનાવી તેની પૂર્તિ માટે પોતાના ગૃહનો પણ ત્યાગ કર્યો. ભગતસિંહ જાણતા હતા કે જો દેશને આઝાદ કરાવવો હશે તો ઘર-ગૃહસ્થીમાં રહી આ કાર્યો કરી શકાશે નહીં. આમ, તેમણે આજીવન બ્રહ્મચારી રહી પોતાનું સંપૂર્ણ જીવન રાષ્ટ્રાર્થે સમર્પિત કરી દીધું.

ભગતસિંહમાં સાહસિકતા અને વીરતા ઉપરાંત અન્ય પણ અનેક ગુણો હતા. તેઓ એક કુશળ લેખક હતા. તેઓએ અનેક દૈનિક, સાપ્તાહિક અને માસિક પત્રિકાઓમાં પોતાની લોહરુપી કલમનો ઉપયોગ કર્યો હતો. તે સમયે એક વિશેષાંકના રુપમાં "વિપ્લવ યજ્ઞની આહુતિઓ" માં ભગતસિંહે પોતાની કલમના જોરે ભારતનાં અનેક નવયુવકોને દેશભક્તિનાં કઠોર માર્ગ પર



ચાલવા માટે પ્રેરિત કરી વ્રતધારી બનાવ્યા હતાં.

ભગતસિંહને પોતાના કાર્યો કરવામાં સૌથી વધુ સહયોગ આર્યસમાજો તરફથી મળ્યો હતો. ભગતસિંહ જ નહીં પરંતુ દેશની સ્વતંત્રતા માટે સંઘર્ષ કરી રહેલા દરેક ક્રાન્તિકારીઓ માટે આર્યસમાજનાં ભવનો, ગુરુકુળો અને શ્રી દયાનંદ સરસ્વતી ઉપદેશક મહાવિદ્યાલય લાહોર ઘર જેવા બની ગયા હતા. ભગતસિંહ બોમ્બ નિર્માણ કરવામાં પણ કુશળ હતા. તેમના સાથીઓ વીરવર યતીન્દ્રનાથ દાસ અને ફણીન્દ્રનાથ ઘોષ સાથે મળીને ભગતસિંહે આર્યસમાજ કલકત્તામાં બોમ્બમાં વપરાતી "ગન કાટન" (એક પ્રકારનો દારુગોળો) નું નિર્માણ કર્યું. પોતાના લક્ષને પ્રાપ્ત કરવા માટે ભગતસિંહે ઠેરઠેર ભટકવું પડ્યું હતું. ગમે તે પ્રાન્તના આર્યસમાજોમાં તો તેમને સહેલાઈથી શરણ મળી જતું હતું. પરંતુ અન્ય સ્થળોએ આ સંભવ ન હતું. સંગઠન અને પ્રચારાર્થે કેટલાય દિવસો સુધી તેમને ભૂખ્યું અને તરસ્યું રહેવું પડ્યું. જુના અને ફાટેલા કપડા પહેરીને ભિખારીઓ જેવી સ્થિતિમાં દેશના આ અણમોલ રત્નને અનેક કષ્ટ સહન કરવા પડ્યાં. પરંતુ પોતાના લક્ષને નજર સમક્ષ રાખી એક ધીર વ્યક્તિની જેમ મક્કમતાપૂર્વક, ઉત્સાહપૂર્વક અને દૃઢતાથી સ્વતંત્રતાની લડાઈ તેઓ લડતા જ રહ્યા. તેમના જીવનમાં ક્યારેય હતાશા, નિરાશા કે ભય દૃષ્ટિગોચર થતો ન હતો.

ભગતસિંહ દ્વારા તા. ૮ એપ્રિલ, ૧૯૨૯ માં દેહલીની કેન્દ્રીય ધારાસભામાં એક ભયાનક બોમ્બ વિસ્ફોટ કરવામાં આવ્યો. આ દિવસે ધારાસભામાં બે મહત્વપૂર્ણ બીલો પસાર થવાના હતા. જેમાં પ્રથમ સરકાર ક્રાન્તિને દબાવવા માંગતી હતી અને બીજું

**ભગતસિંહને પોતાના કાર્યો કરવામાં સૌથી વધુ સહયોગ આર્યસમાજો તરફથી મળ્યો હતો.**

શ્રમિકોની હડતાલ કરવા પર પ્રતિબંધ લગાવવાનો હેતુ હતો. આ બીલો સંબંધિત કાર્યવાહી ચાલી રહી હતી તે સમયે જ વીર ભગતસિંહ અને તેમના મિત્ર બટુકેશ્વર દત્તે લાકડાની સરકારી પાટલીઓ ઉપર બોમ્બ નાંખ્યો. ત્યારબાદ એક બીજો બોમ્બ ધારાસભામાં નાંખતા લોકોના હૃદય કંપી ઉઠ્યા. ત્યારબાદ ભવનની છત તરફ પીસ્તોલથી બે ગોળીઓ છોડી સંપૂર્ણ ધારાસભાને ભયગ્રસ્ત કરી દીધી. ત્યાં ઉપસ્થિત કોઈ વ્યક્તિની એટલી હિંમત ન હતી કે આ યુવકોને પકડે. તેઓએ આ કૃત્ય કરીને "ઈન્કલાબ ઝીંદાબાદ" નાં સૂત્રોચ્ચાર કરી વીરતા અને સાહસનો ઝંડો રોપ્યો હતો. ભારતના આ વીર સપૂતોએ બોમ્બ નાંખ્યા બાદ કાયરોની જેમ ભાગી ન જતાં ત્યાંજ આત્મ સમર્પણ કર્યું. જ્યારે ન્યાયાલય તરફથી વીર ભગતસિંહને બોમ્બ કાંડના અપરાધી તરીકે ફાંસીની સજા આપવામાં આવી ત્યારે આ દેશમાં ક્રાન્તિની નવીન જ્વાળાઓ પ્રજ્વલિત થઈ. અનેક નવયુવકોએ આ ઘટનાથી પ્રરાઈને દેશની સ્વતંત્રતા સંગ્રામની લડતમાં ઝંપલાવ્યું.

તા. ૨૩મી માર્ચ ૧૯૩૧નાં રોજ વીર ભગતસિંહને ફાંસી આપવામાં આવી. આમ, ભારતનો એક તેજસ્વી દિપક પોતાનો પ્રકાશ સંપૂર્ણ ભારતમાં ફેલાવી અનેક નવયુવકોનાં હૃદયમાં ક્રાન્તિરુપી અગ્નિને પ્રજ્વલિત કરી ઓલવાઈ ગયો.

આજે આપણું એ દુર્ભાગ્ય છે કે આ દેશને સ્વતંત્ર કરાવવા માટે હજારોની સંખ્યામાં જે દેશપ્રેમીઓએ પોતાનું જીવન હોમી દીધું હતું,જેમનાં એ બલિદાનનાં પરિણામસ્વરુપે મળેલી આ સ્વતંત્રતાનું આપણા રાજકારણીઓ અને સામાજીક તેમજ કહેવાતા ધાર્મિક સંગઠનો દ્વારા નિકંદન કાઢવામાં આવી રહ્યું છે. આજે કોઈપણ રાજકારણી કે સામાજીક કાર્યકરનાં મનમાં સમાજ પ્રત્યે કોઈ લાગણી રહી નથી. રાજકારણ કે સમાજ સેવા એ વ્યવસાય બની ગયાં છે. પોતાના સ્વાર્થની પૂર્તિ માટે સમાજનું શોષણ અને દેશને વેચવા પણ આજના રાજકારણીઓ તત્પર હોય છે. આવા સમયે પુનઃ દેશના નવયુવકોએ આગળ આવી પોતાના જીવનને ભારતીય સંસ્કૃતિની રક્ષા માટે, દેશની સ્વાધિનતા પુનઃ છીનવાઈ ન જાય તે માટે સક્રિયપણે કાર્ય કરવું પડશે. જો હજુ પણ દેશની યુવા પેઢી આવા ક્રાન્તિકારીઓનાં જીવનમાંથી બોધપાઠ લઈને પોતાના જીવનને ઉન્નત અને રાષ્ટ્રાર્થે સમર્પિત નહીં કરે તો ભારતને પુનઃ પરાધિન થતો કોઈ રોકી શકશે નહીં. આજે ચારે તરફથી દેશમાં સામાન્ય પ્રજાનું શોષણ થઈ રહ્યું છે. પ્રજાને શોષણ તેમજ અન્યાયથી મુક્ત કરવાનું બીડું કોઈ ક્રાન્તિકારી સંગઠને ઉપાડવું જ રહ્યું.

# નોકરી પ્રયોગ તરીકે કરી જોવી અને દેશ તરફના કર્તવ્યને આડે આવે તો છોડી દેવી



ભારતની સ્વતંત્રતાના વીર નાયક

**સુભાષચંદ્ર બોઝ**

-ચૈતન્ય દેસાઈ (૪)

૧૯૧૯માં તત્વજ્ઞાન વિષય સાથે તેઓ સ્નાતક થયા. આગળ શું કરવું એ પ્રશ્ન હતો. સુભાષ પ્રાયોગિક મનોવિજ્ઞાન ભણવાનું ઈચ્છતા હતા પણ તેમના પિતા અને મોટાભાઈ શરદચંદ્ર સુભાષને આઈ.સી.એસ. થવા માટે લંડન મોકલવા ઈચ્છતા હતા. તે જમાનામાં એક નવયુવકની સૌથી મોટી મહત્વાકાંક્ષા આઈ.સી.એસ. થઈ અંગ્રેજોની શ્રેણીમાં આવવાની રહેતી હતી. આઈ.સી.એસ. થઈ જતા કાળા માણસો ગોરાઓથી ઉતરતા છે એ હીનતા મટી જતી હતી. દેશભક્તો માટે એ મોટી ઘટના ગણાતી હતી.

સુભાષની અનિચ્છા સ્પષ્ટ હતી. સુભાષના મિત્ર હેમંતકુમારે તેમને સમજાવ્યું ! દેશની આઝાદીનું યુદ્ધ તો વરસો સુધી ચાલશે. તું મહાન બનવા સર્જાયો છે તારો આદર્શ મહાન છે. તારે ઈંગ્લેન્ડ જઈને જ્ઞાન મેળવવું જોઈએ. જગતના આંતર પ્રવાહો સમજવા જોઈએ. સુભાષે ભારે મનોમંથન બાદ પિતાને સંમતિ આપી. તેમણે એક પત્રમાં લખ્યું, 'હું ઈંગ્લેન્ડ તો જાઉ છું, પરંતુ માનસિક વિગ્રહ હજી શમ્યો નથી. મારા ગુમામ દેશ અને મારા ત્રીસ કરોડ બાંધવો પ્રત્યેનું મારું કર્તવ્ય સ્પષ્ટ છે. મારા જેવા અનેકની આહુતિઓ જ્યારે અપાશે ત્યારે જ દેશ સ્વતંત્ર થશે.'

'કેવું વિચિત્ર છે ? હું ઈંગ્લેન્ડ જાઉ છું આઈ.સી.એસ. થવા, સરકારી નોકર બનવા અને મારે કરવી છે દેશસેવા ! આ બંને એક સાથે કેમ થઈ શકે ? પરિક્ષા પછી મારે ફરી નિર્ણય કરવો પડશે. અત્યારે તો એક જ અભિલાષા અંતરમાં છે. યુરોપમાં જઈને નવા જગતનું જ્ઞાન મેળવવાની પિતાજીએ મને તક આપી છે તેનો હું પૂરો લાભ ઉઠાવીશ.' આવુ મંથન સુભાષના મનમાં ચાલ્યું.

૧૯૧૯ની ૧૫મી સપ્ટેમ્બરે તેઓ ઈંગ્લેન્ડ જવા નીકળ્યા. તે સમયે આગબોટ દ્વારા યાત્રા થતી હતી. પાંચ અઠવાડિયા પછી તે ઈંગ્લેન્ડ પહોંચ્યા અને ત્યાં કેમ્બ્રીજ વિશ્વ વિદ્યાલયમાં દાખલ થઈ તે પોતાના અધ્યયનમાં લાગી ગયા.

સુભાષ ઈંગ્લેન્ડ જઈ અધ્યયનમાં એટલા તલ્લીન થઈ ગયા કે આખી દુનિયા ભુલાઈ ગઈ. અંગ્રેજી સાહિત્ય, સંસ્કૃત, દર્શન શાસ્ત્ર અંગ્રેજી કાનૂન, રાજનીતિ, વિજ્ઞાન આધુનિક યુરોપનો ઈતિહાસ, ઈંગ્લેન્ડનો ઈતિહાસ, અર્થશાસ્ત્ર અને ભૂગોળ જેવા વિષયો ભણવાના હતા. વિદ્યાર્થીઓને ઘણી સારી સ્વતંત્રતા હતી. ઈંગ્લેન્ડના રોકાણનો સારો ફાયદો થયો. બિસ્માર્કની આત્મકથા, મેટરનિકના સંભારણા અને કાઉટ કાવ્યહુરના પત્રો જેવા ઉત્તમ ગ્રંથો અહીં સુભાષને વાંચવા મળ્યા હતા. યુરોપમાં યુવાનો છીછરા હતા. મદિરા અને મદિરાક્ષીનું આકર્ષણ અનેક વિદ્યાર્થીઓને હતું, પરંતુ સુભાષને એ તરફ સહેજે રૂચિ નહોતી.

૧૯૨૦ની જુલાઈમાં આઈ.સી.એસ. પરીક્ષામાં લંડનમાં બેઠા તેમણે અથાગ પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમને સફળ થવાની આશા ન હતી. પણ જ્યારે તે આ પરીક્ષામાં ચોથા ક્રમે ઉત્તીર્ણ થયા ત્યારે તેમને નવાઈ લાગી. બ્રિટિશ શાહીવાદી તંત્રનું જ્ઞાન તેમણે મેળવી લીધું. કેમ્બ્રીજ યુનિ. ની બી.એ.ની પદવી પણ તેમણે મેળવી.

પાસ થયા પછી પણ તેમના મનમાં મંથન ચાલું રહ્યું. એક પત્રમાં તેમણે લખ્યું 'આઈ.સી.એસ. થવાથી સાંસારિક સુખ મળી શકે છે પણ આ પ્રાપ્તિ, આત્માને વેચીને જ મળે છે, એ વાત સાચી નથી ? આઈ.સી.એસ.ની શરતોને અપનાવીને ચાલવું એ રાષ્ટ્રીય અને આધ્યાત્મિક કક્ષાઓની સાથે અપ્રાસંગિક છે. હું એવા નિર્ણય પર આવ્યો છું અને કોઈ સમાધાન મારે માટે સંભવ નથી. ક્યા તો મારે આ ગંદી સેવા છોડીને સંપૂર્ણ દેશકાર્યમાં ભળી જવું જોઈએ અથવા હું મારા આદર્શો અને મહત્વાકાંક્ષાઓને ત્યજીને આ સેવાનો સભ્ય બનું.

અરવિંદ ઘોષ પ્રબોધે છે તેવો ત્યાગ કરવાને હું તૈયાર છું જે આ જીવનની અનિવાર્યતા છે. હું માનું છું કે આપણને આવતા દસ વર્ષમાં સ્વતંત્રતા મળી શકે છે, જો તેનું મૂલ્ય ચૂકવવા આપણે તૈયાર થઈએ. મૂલ્ય છે ત્યાગ અને પરિશ્રમ. પરિશ્રમ અને ત્યાગના પાયા પર આપણે આપણી રાષ્ટ્રીય ઈમારતનું નિર્માણ કરી શકીએ. જો આપણે બધા જ પોતાના ધંધાને વળગી રહીએ અને આપણા સ્વાર્થમાં રચ્યાપચ્યા રહીએ તો હું નથી માનતો કે પચાસ વર્ષે પણ ભારત સ્વતંત્ર બની શકે. આપણે રાષ્ટ્ર નિર્માણ કરવું છે અને રાષ્ટ્ર નિર્માણ ધર્મ અને સંસ્કૃતિના સત્વ પર કરવું છે. હું એવા તારણ પર પહોંચ્યો છું કે આપણે બ્રિટિશ સરકાર સાથેનો બધો સંબંધ તોડી નાંખવો જોઈએ. કોઈ પણ સરકારને ખતમ કરવાનો એક જ ઉપાય છે કે આપણે તેનાથી અલગ થઈ જઈએ. આ જ કારણે થોડા દિવસ પહેલાં મેં મારું રાજીનામું મોકલી આપ્યું હતું'

સન્ ૧૯૨૧ના ફેબ્રુઆરી માસમાં વહીવટી તાલીમનું વર્ષ પૂરું થવા આવ્યું. નીમણૂંકની જાહેરાતને એકદ બે માસ જ બાકી હતા. ત્યારે દુર્લભ ગણાતી કારકિર્દીને ઠોકર મારી સનદી સેવામાંથી તેમણે રાજીનામું ધરી દીધું. ઈન્ડિયન ઓફીસ તરફથી તેમને સમજાવવામાં આવ્યા કે દેશપ્રેમ અને સિવિલ સર્વીસ વિરોધી વસ્તુઓ નથી. નોકરી પ્રયોગ તરીકે કરી જોવી અને દેશ તરફના કર્તવ્યને આડે આવે તો છોડી દેવી તેમ પિતાજીએ સૂચવ્યું. પિતા તરફના પ્રેમ અને માન છતાં નોકરી સ્વીકારવામાં ભારતની સ્વાધીનતાના આ લડવૈયાને પોતાના ધ્યેય અને કર્તવ્યનો દ્રોહ જણાયો. **(ક્રમશઃ)**

# જ્ઞાન વિજ્ઞાનની ઉન્નત ભાષા : સંસ્કૃત

ભારતીય સંસ્કૃતિ સંસ્કૃત ભાષા પર આશ્રિત છે. સંસ્કૃત એક એવી ઉન્નત ભાષા છે કે તેની તુલના કોઈ અન્ય ભાષા સાથે કરી શકાય નહિ. સંસ્કૃત યુગોથી આપણા જ્ઞાન-વિજ્ઞાનની ભાષા રહી છે. આ ભાષામાં આપણા ઉજજવળ અતિતનું જ્ઞાન છૂપાયેલું છે. આ એક વૈજ્ઞાનિક પદ્ધતિથી વિકસિત અતિપ્રાચીન ભાષા છે. આધ્યાત્મિક ચિંતનની પરાકાષ્ઠા આ જ ભાષામાં વિકસિત થયેલી છે.

આપણા ચાર વેદ, ઉપનિષદ, વ્યાકરણ, સ્મૃતિ, બ્રાહ્મણ, પુરાણ, રામાયણ, મહાભારત વગેરે ગ્રંથો સંસ્કૃતમાં છે. પ્રાચીન આયુર્વિજ્ઞાન, ખગોળ વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, શલ્યવિદ્યા, શિલ્પવિદ્યા, ગણિત વગેરે અનેક વિશિષ્ટ ગ્રંથો આ ભાષામાં જ વિદ્યમાન છે. કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને વાત્સ્યાયનનું કામસૂત્ર પણ આ શિષ્ટ અને શુદ્ધ ભાષામાં ઉપલબ્ધ છે. પુરાતન કાળમાં સંસ્કૃત ભાષા કેવળ લેખન માટે જ ન હતી પરંતુ બોલચાલ ભાષા તરીકે પણ રહી હતી જેની સાબિતી મહર્ષિ યાસ્કના **નિરુકત** નામના મહત્વપૂર્ણ ગ્રંથમાંથી મળે છે. આ ઉપરાંત પાણિની, કાત્યાયન અને પતંજલિ ઋષિના સમયમાં પણ આ અર્થ અને ભાવપૂર્ણ ભાષાનો બોલચાલમાં ઉપયોગ થતો હતો. પૃથ્વીની ઉત્પત્તિથી લઈ પ્રલય સુધીનું જ્ઞાન, ધર્મ, અર્થ, કામ અને મોક્ષમાંના કોઈપણ પુરુષાર્થની પ્રાપ્તિની આર્યોની પ્રાચીન રીતિ, રુઢી તથા પરંપરાના ક્ષાનની અને પરા-અપરા વિદ્યાના જ્ઞાનની પ્રાપ્તિ આ સંસ્કૃત ભાષા દ્વારા જ ઉપલબ્ધ થાય છે. લૌકિક ઉન્નતિ અને પારલૌકિક નિઃશ્રેયસની પ્રાપ્તિ કરાવનાર જેટલા જ્ઞાન અને વિજ્ઞાનના સાધનો, શાસ્ત્રો તથા ગ્રંથો ભિન્ન ભિન્ન ભાષામાં લખાયેલા છે તે બધાનું જ્ઞાન જો એક ભાષાના જ્ઞાનથી પ્રાપ્ત કરવું હોય તો તે છે સંસ્કૃત ભાષા. ખરેખર! આ ભાષા કેટલી **સમૃદ્ધ** છે ! આ ભાષા તો ભારતીયોની આત્મા છે. આપણી અસ્મિતાની અમૂલ્યનિધિ છે.

આધુનિક પરમાણુ વિજ્ઞાન, અંતરિક્ષ વિજ્ઞાન, ચિકિત્સા વિજ્ઞાન, કોમ્પ્યુટર વિજ્ઞાન આ બધી આધારભૂત કલ્પનાઓ તેમજ સુત્રો આપણા વિભિન્ન પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં મળે છે. બરાહમિહિરની ખગોળવિજ્ઞાનું જ્ઞાન આજના ખગોળશાસ્ત્રીઓનું માર્ગદર્શન કરે છે. આજે આધુનિકતમ વેધશાળાઓમાં પશ્ચિમના ખગોળ વિજ્ઞાનિકો એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે ઉપરોકત જ્ઞાન-વિજ્ઞાનના સૂત્રો ઘણી શતાબ્દિ પૂર્વે રચવામાં આવેલા છે. ભારતીય અધ્યાત્મ-વિજ્ઞાન, જયોતિષ, નક્ષત્ર અને અંતરિક્ષ જ્ઞાનનું અધ્યયન કરવા અને તેનો લાભ ઉઠાવવા માટે પશ્ચિમી દેશો પોતાની વિદ્યાલયો અને શોધ સંશોધનોમાં સંસ્કૃતના અધ્યયન વિભાગો ખોલવામાં આવ્યાં છે. કોમ્પ્યુટર સાયન્સના સૂત્રોનો આધાર પણ સંસ્કૃતમાં શોધી રહ્યાં છે. પાણિનીના સૂત્રોનું વિશ્લેષણ કરવા માટે પશ્ચિમી કોમ્પ્યુટર વૈજ્ઞાનિક પોતાની બુદ્ધિશકિત કેન્દ્રિત કરી રહયાં છે. વિશ્વના કોમ્પ્યુટર વૈજ્ઞાનિકોએ કોમ્પ્યુટર માટે સર્વાધિક અનુકૂળ ભાષા સંસ્કૃત જ સ્વીકારી છે. પશ્ચિમી વૈજ્ઞાનિકો પુરાણો, રામાયણ તથા મહાભારતમાં વર્ણિત પુષ્પક વિમાન, દેવતા, માનવો તથા અસુરો દ્વારા અંતરિક્ષમાં વિચરણ, ઉડતા ઘોડાઓ તથા યુદ્ધના રથો, રામભકત હનુમાનજીનું આકાશ માર્ગે વિચરણ, સંહારક દિવ્યાસ્ત્રો, પ્રક્ષેપાત્રો, અગ્નિબાણ, મૃતપ્રાયઃ વ્યકિતઓને જીવિત કરી દેનારી સંજીવની વિદ્યા, અંગ પ્રત્યારોપણ જેવી અનેક વાતોને કેવળ કોરી કલ્પના ન માનતા આજના વિજ્ઞાન અને ટેકનોલોજી દ્વારા સાકાર કરવા પ્રયત્ન કરી રહયાં છે.

આ પ્રાચીન ભારતીય જ્ઞાનને આધુનિક પરિપ્રેક્ષ્યમાં જાણવા કે સમજવા માટે સંસ્કૃતનું જ્ઞાન અતિઆવશ્યક છે અને આ ત્યારે જ સંભવી શકે જયારે આપણે સંસ્કૃતને આપણી શાળા-કોલેજોનાં પાઠયક્રમમાં અનિવાર્ય અંગ બનાવીએ. સંસ્કૃતનું પઠન-પાઠન તો એટલા માટે પણ સરળ છે કે ભારતની લગભગ બધી ભાષાઓ અને બોલીઓ સીધેસીધી સંસ્કૃતમાંથી જ પ્રસ્ફૂટ થઈ છે. આપણા દૈનિક પૂજા-પાઠમાં પણ સંસ્કૃતના મંત્રો કે શ્લોકોનો કોઈને કોઈ રુપમાં ઉપયોગ થઈ રહ્યો છે. સંસ્કૃતના અધ્યયન માટે આવશ્યક છે કે તેને પરંપરાગત શૈલીમાં ભણાવવાના બદલે તેને આધુનિક ભાષાના રુપમાં અધ્યયન-અધ્યાપન કરવામાં આવે તથા તેને કોઈ ધર્મવિશેષની ભાષાના રુપમાં સમજવામાં ન આવે.

# Anger reduces memory power and loss of intelligence, which leads to destruction



**ANGER IS DANGER**

**- K. K. Thakkar (C.A.), A'bad**

In Mahabharat one of the Yaksha Question (Prashna) was that who is invisible enemy of man. The reply was "Anger". Anger makes dull men witty, but it keeps them poor. Anger is a short madness. A child, punished by selfish parents, does not feel anger. It goes to its little private corner to weep.

Anger is expressed in various ways. Few are as under: 1. Fury, 2. Outrage, 3. Frowning, 4. rage, 5. wrath, 6. Vexation, 7. Acrimony, 8. Annoyance, 9. Resentment, 10. Irritation, 11. Exasperation, 12. Indignation.

Always there is primary antecedent feelings/ thought before one gets angry. One should not try to justify anger as it is always wrong and danger to all including health of oneself.

Anger comes due to superiority complex, e.g. by one on his wife, son, daughter, younger brother sister, aged parents etc. Mostly 40 to 50% anger is on family members.

**Anger comes in some of following incidents:**

1. Somebody spoil career or promotion.
2. Life injustice makes quarrelsome nature
3. Business competition
4. Personal prejudice on persons such as liar wicked, cunning, untrustworthy.

Anger on someone comes with pre-conceived opinion, prejudgment (negative) and pre-conceived judgment etc.

**Anger comes when somebody criticizes you as:**

- Greed
- Arrogant
- Liar
- Cunning etc

If criticism is true the other person i.e. criticizer is mirror. Hence one should thank him. But, if it is wrong criticism it should be ignored. The anger thus is due to adverse remarks/criticism or when somebody does not invite or welcome us or give importance either intentionally or unintentionally.

Sometime helplessness make us angry e.g. traffic jam, big line in railway reservation counter or bank cash counter waiting on dinner table etc. In such cases acceptance of situation is positive emotion as we don't have control on such situations.

Anger is due to memory of past unlike events too. Hence, we should forget such past and live in present.

**Reasons for anger may be due to:**

1. Temperament of person say – hot temperament.
2. Hereditary

**Consequences of Anger:**

There are three types of consequences:

1. Psychological
2. Social
3. Physiological

1. **Psychological**:

It creates neurotransmitter imbalance, tending to giddiness, uneasiness.

2 . **Social**:

It creates strained relationship and lack of communication.

3. **Physiological**:

(1) Skin disorders (2) Backache
(3) Accelerated aging

It increases blood sugar. This is because brain requires more blood sugar when one is angry. Hence, the blood is disproportionately diverted to mind and hence less supply to other organ. This leads to constipation, kidney failure, liver not functioning properly and other such diseases. The result due to anger leads to response either to Fight or to Flight. If it is in fight response, it creates activation of SN and PSN i.e. sympathizing body to react negatively.

SNS – sympathetic Nervous System send more blood to muscles and less blood to organs not involved to fight or flight. Hence, problems are created in stomach, such as pain constipation, intestine problems, indigestion, kidney problem, skin problem etc. This leades to possibility of high B.P. and even heart attack. This stops the right thinking process of mind. It may lead to killing, violence, war type attitude.

The flight attitude may lead to feeling of suicide.

This anger adversely affects brain parts.

1. Emotional part-Lymbia and
2. Neocartax-bulk of cerebrum, i.e. thinking part.
3. Purpose of anger sometimes may be positive and part of duty. E.g. A Head of the institution becoming angry for discipline. Under any circumstances, one should not be angry on following persons.

(i) Parents (ii) Child (iii) Boss (iv) Aged persons.

One should not be angry on auspicious occasions.

Sometimes man can be angry for causes, other than self-interest. This is not much harmful and is very temporary in nature. Such anger can be healthy, social and respectful and may have peace in acceptance side.

Anger takes place when desires (KAM) are not fulfilled. KAMT KRODHABHI JAYATE.

A WEAK PERSON DOES ANGER AND INCREASES HIS WEAKNESS. Anger reduces memory power and loss of intelligence, which leads to destruction. Hence one should de-motivate anger and de-anger nature to avoid Danger.

# अन्नपते ऽन्नस्य नो देह्यनमीवस्य शुष्मिणः।
# प्रप्र दातारं तारिषऽ ऊर्जं नो धेहि द्विपदे चतुष्पदे॥

**ઋષિ દયાનંદ વેદ-પદાર્થ, ભાવાર્થ, વ્યાખ્યાન પ્રદિપ**

**૨૮**

સંકલન : સ્વામી ધ્રુવદેવજી પરિવ્રાજક
ઉપાધ્યાય, દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડ

**पदार्थ :-**

हे (**अन्नपते**) अन्नों के पालन करने वाले स्वामी परमेश्वर ! आप (**नः**) हमारे लिये (**अनमीवस्य**) रोगों के नाश से सुख को बढ़ाने वाले (**शुष्मिणः**) बहुत बलकारी (**अन्नस्य**) अन्न को (**प्रप्रदेहि**) अतिप्रकर्ष के साथ दीजिये। और इस अन्न के (दातारम्) देने वाले को (**तारिषः**) अच्छी प्रकार तृप्त कीजिये तथा (**नः**) हमारे (**द्विपदे**) दो पैर वाले मनुष्यादि तथा (**चतुष्पदे**) चार पैर वाले गौ आदि पशुओं के लिए (**ऊर्जम्**) पराक्रम को (**धेहि**) धारण कराईये। (ऋ. दया. कृत यजुर्वेदभाष्य आधारित)

**भावार्थ :-**

मनुष्यों को चाहिये कि सदैव बलकारी आरोग्य अन्न आप सेवें और दूसरों को देवें। मनुष्य तथा पशुओं के सुख और बल बढ़ावें, जिससे ईश्वर व सृष्टिक्रम के अनुकूल आचरण से सब के सुखों की सदा उन्नति हो। (ऋ.दया. कृत यजुर्वेदभाष्य)

**टिप्पणी :-**

(क) जैसे संसार में पशु, पक्षी, मनुष्यादि के अन्नों का स्वामी कोई मनुष्य होता है। किसी मनुष्य के पास अधिक अन्न होता है, किसी के पास कम। ऐसे ही इस सम्पूर्ण सृष्टि में प्राणियों के जितने प्रकार के व जितने अन्न हैं उन सबका स्वामी ईश्वर है। उनको ईश्वर उत्पन्न करता है व उनकी रक्षा भी ईश्वर करता है। इसलिए ईश्वर को 'अन्नपति' कहा है।

(ख) ईश्वर की मनुष्यों को आज्ञा है कि हे मनुष्यों ! अपने शरीरों को रोगरहित रखो व उन्हें अत्यन्त बलवान् बनाओ। अतः उसी प्रकार के अन्नों का सेवन करो। तथा दूसरों को भी ऐसा अन्न देओ।

(ग) ईश्वराज्ञा है कि मनुष्यों को रोगनाशक व बलकारक अन्न अत्यन्त प्रचुर मात्रा में उगाना चाहिये।

(घ) ईश्वराज्ञा है कि हे मनुष्यों ! ऐसा व्यवहार ऐसा पुरुषार्थ करो कि जिससे दूसरे मनुष्य व पशुओं के सुख व बल बढ़ें। यथा अग्निहोत्र करना, धर्म का ज्ञान व आचरण करना व कराना, अनेक विद्याओं का ज्ञान करना व कराना इत्यादि।

(ङ) ईश्वर व सृष्टिक्रम के अनुकूल चलने से सबके सुखों की सदा उन्नति होती है। यथा दूसरे का झूठा भोजन खाना व खिलाना यह आचरण सृष्टिक्रम के अनुकूल नहीं है। इससे सुखों की हानि होती है।

**(ક્રમશઃ)**

